Toppersnotes

Unleash the topper in you

# GUJARAT-PSC

State Civil Services

Gujarat Public Service Commission

## પેપર - ૨ - ભાગ - ૧

# અર્થશાસ્ત્ર

SIERRA INNOVATIONS

# અનુક્રમણીકા
# (INDEX)
## અર્થશાસ્ત્ર(Economics)


| વિષય | Page No. |
|---|---|
| ⇒ પ્રકરણ ૧: અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો | 1 |
| ⇒ અર્થશાસ્ત્રનું સ્વરૂપ | 10 |
| ⇒ અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર | 14 |
| ⇒ સૂક્ષ્મ લક્ષી (Micro Economics) | 14 |
| ⇒ બૃહદ લક્ષી (Macro Economics) | 15 |
| ⇒ આંતર સંબંધો | 17 |
| ⇒ કિંમત અને મૂલ્ય | 20 |
| ⇒ પ્રકરણ ૨: વૃદ્ધિઅને વિકાસ | 22 |
| ⇒ આર્થિક વિકાસનો ખ્યાલ | 23 |
| ⇒ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો પરિચય | 25 |
| ⇒ રાષ્ટ્રીય આવકમાં વધારો | 29 |
| ⇒ માનવ વિકાસ રિપોર્ટ –2015 | 32 |
| ⇒ પ્રકરણ ૩ : ઉત્પાદન | 37 |
| ⇒ ઉત્પાદન ક્રિયાનો વિસ્તાર | 38 |
| ⇒ ઉત્પાદન ખર્ચ | 40 |
| ⇒ અનુસૂચિ અને આકૃત્તિ | 48 |
| ⇒ વસ્તુઓ | 49 |
| ⇒ પ્રકરણ ૪ : માંગ (Demand) | 53 |
| ⇒ માંગ નકકી કરતા પરિબળો | 54 |
| ⇒ કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધના કારણો | 58 |
| ⇒ માંગ આગાહીના હેતુઓ/ મહત્વ | 74 |
| ⇒ પ્રકરણ ૫ : પુરવઠો | 76 |


– –

| | | |
|---|---|---|
| => | પુરવઠાનો નિયમ અને પૂર્વધારણા | 80 |
| => | પુરવઠાની સાપેક્ષતાનો અર્થ | 83 |
| => | પુરવઠા પક્ષે અવેજી વસ્તુ | 86 |
| => | **પ્રકરણ ૬ : આંતરરાષ્ટ્રીય વેપાર** | 87 |
| => | આંતરરાષ્ટ્રીય વેપારનો અર્થ અને મહત્વ | 88 |
| => | આંતરરાષ્ટ્રીય વેપારના ગેરફાયદા (મર્યાદા) | 93 |
| => | અન્ય અગત્યની માહિતી | 95 |
| => | **પ્રકરણ ૭ : લેણદેણની તુલા** | 97 |
| => | લેણદેણની તુલાના વિભાગો | 98 |
| => | લેણદેણની તુલાના હિસાબી પદ્ધતિ | 100 |
| => | લેણદેણની અસમતુલાના કારણો (પરિબળો) | 104 |
| => | પ્રકરણ ૮ : વિનિમય દર | 108 |
| => | વિનિમય દરનું નિર્ધારણ | 109 |
| => | વિનિમય દરના પ્રકારો | 117 |
| => | **પ્રકરણ ૯ : વેપાર નીતિ** | 118 |
| => | ભારતની આયાત નિકાસ નીતિ | 121 |
| => | બૌદ્ધિક સંપદા અધિકાર | 124 |
| => | સંયુકત સાહસો (Joint venture) | 127 |
| => | બહુરાષ્ટ્રીય એકમો | 130 |
| => | ભારતમાં વિદેશી હુંડિયામણ (Foreign Investment) | 131 |
| => | નિકાસ વિકાસ કેન્દ્ર | 132 |
| => | **પ્રકરણ ૧૦ : આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ** | 138 |
| => | આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના ઉદેશ | 142 |
| => | ભારત અને આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ | 147 |
| => | વિશ્વ બેંક | 150 |
| => | વિશ્વ બેંકનું માળખું | 151 |
| => | આશિયાનના હેતુઓ | 152 |

⇒ સાર્કના ઉદેશો 153
⇒ સાર્કનું માળખું 153
⇒ ઉતરી અમેરિકા મુકત વેપાર કરાર (NAFIA) 154
⇒ એશિયા પ્રશાંત આર્થિક સહકાર (APEC) 156
⇒ દક્ષિણ એશિયાઈ અગ્રતા વેપાર કરાર (SAPTA) 158
⇒ પેટ્રોલિયમ નિકાસકર્તા દેશનું સંગઠન (OPEC) 159
⇒ જી–૧૫ (G - 15) 159
⇒ બ્રિકસ (BRICS) 160
⇒ ફોટલેજ 160
⇒ ઇલ્સા 162
⇒ ભારતમાં અર્થતંત્ર નિયોજનની શરૂઆત 162
⇒ પંચવર્ષીય યોજનાઓ 162
⇒ સંસદ સદસ્ય સ્થાનિય ક્ષેત્રીય વિકાસ યોજના 164
⇒ પંચ વર્ષિય યોજનાઓ વિસ્તારથી 166

—×—

Toppersnotes
Unleash the topper in you

ECONOMICS

# પ્રકરણ - 1 - અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો

* અર્થશાસ્ત્રનો પરિચય :-

→ અર્થશાસ્ત્રમાં બે શબ્દો જોડાયેલા છે. "અર્થ" એટલે નાણું અને "શાસ્ત્ર" એટલે પદ્ધતિસરનું જ્ઞાન.

→ "અર્થ" શબ્દ ઓઇકોનોમિયા નો પર્યાય છે. "ઓઇકોનોમિયા" ગ્રીક ભાષાનો શબ્દ છે, જેનો અર્થ પોતાના ઘરનો વહીવટ એવો થાય છે. આર્થિક ઘટનાઓ મોટે ભાગે નાણાં અને કિંમતના સ્વરૂપે અભિવ્યક્ત થતી હોવાથી આ સમજ સ્વીકારવાને વાંધો નથી.

→ અર્થતંત્ર એ આર્થિક વ્યવસ્થાનું એકમ છે, જેમાં આર્થિક વ્યવસ્થા અંગેના જુદા-જુદા એકમોનું સંકલન કરી ઉત્પાદન, વપરાશ, વિનિમય, વહેંચણી વગેરે અંગે વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. ટૂંકમાં, અર્થતંત્ર એટલે મર્યાદિત સાધનોમાં વધુમાં વધુ કરકસરભર્યો ઉપયોગ દ્વારા શક્ય તેટલો વધુ સંતોષ પ્રાપ્ત કરવા અંગેની વ્યવસ્થા.

→ જરૂરિયાત સંતોષવાના હેતુસર, અર્થ-ઉપાર્જન કાજે માનવી દ્વારા થતી પ્રવૃત્તિઓને "આર્થિક પ્રવૃત્તિ" કહે છે. તે સિવાયની પ્રવૃત્તિઓને બિનઆર્થિક ગણવામાં આવે છે. દા.ત. શિક્ષક વિદ્યાર્થીને ખાનગી ટ્યુશન આપે તે આર્થિક પ્રવૃત્તિ છે, જ્યારે માતા પોતાના બાળકને ભણાવે કે તેનો ઉછેર કરે તે બિનઆર્થિક પ્રવૃત્તિ છે.

→ માનવીની જરૂરિયાત જ માનવીને આર્થિક પ્રવૃત્તિ કરવા પ્રેરે છે. તેથી માનવીની જરૂરિયાતને "આર્થિક પ્રવૃત્તિની જન્મદાતા" કહેવામાં આવે છે.

→ આર્થિક પ્રવૃત્તિ કરનાર દરેક માણસ અનેક સમસ્યાનો સામનો કરે છે. તેવી સમસ્યાઓને "આર્થિક સમસ્યાઓ" તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આર્થિક સમસ્યા એટલે સાધનોની અછતમાંથી ઉદ્ભવતી સમસ્યા. વિવિધ

ઉપયોગો ધરાવતાં મર્યાદિત સાધનો વડે મર્યાદિત જરૂરિયાતોને સંતોષવાની મથામણ આર્થિક સમસ્યાઓને જન્મ આપે છે.

→ જ્યારે માનવીની જરૂરિયાતો બજારમાં તેમને સંતોષી શકે તેવી વસ્તુઓ તેમજ સાધનોની પ્રાપ્તિ કરવામાં તંગી વધારે હોય ત્યારે વર્તાતી બેચેનને "અછત" કહે છે. અછતનો ખ્યાલ "સાપેક્ષ" છે.

→ અછત પસંદગી અને સાધન-ફાળવણીની સમસ્યાની જન્મદાતા છે.

## * અર્થશાસ્ત્ર અંગેના ખ્યાલો (concepts relating to Economics)

→ અર્થશાસ્ત્ર અંગેના બે પ્રકારના ખ્યાલો કે વિચારધારાઓ છે.
1) પૂર્વની વિચારધારા (Eastern thought)
2) પ્રાશ્ચાત્ય વિચારધારા (Westarn thought)

## 1) પૂર્વની વિચારધારા (Eastern thought)

→ અર્થશાસ્ત્ર અંગેની પૂર્વની વિચારધારા આર્થિક વિચારો રજૂ કરતા ભારતીય ગ્રંથોમાં પ્રદર્શિત થાય છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર, મહાભારતના શાંતિપર્વ, મનુસ્મૃતિ, શુક્રનીતિ, કામંદકીય નીતિસાર જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોને આર્થિક બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

→ ભારતીય ગ્રંથોમાં પ્રદર્શિત થયેલા આર્થિક વિચારોમાં કૌટિલ્યનો અર્થશાસ્ત્ર વિશેનો ખ્યાલ મોખરે છે.

→ કૌટિલ્યે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યુ છે. કે, " મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાલન-પાલનના ઉપાયો દર્શાવતા શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહે છે. "

→ કૌટિલ્યે દેશની વ્યવહાર, રાજધર્મ, રાજકોશની વૃદ્ધિ માટે કરવેરા, કરવેરાનાં તત્ત્વો, દંડ, રાજ્યના ખર્ચ વિભાજન, ખરીદ-વેચાણ

Toppersnotes
Unleash the topper in you

મૂડી-ધન-માલિકી હક, મિલકતનું રક્ષણ, મહેનતાણું, વેતન-પગાર, વ્યાજ અને કરજ જેવી મહત્ત્વની બાબતોમાં શું શું કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું છે. અલબત તેણે દેશ અને કાળને અનુરૂપ આર્થિક વિચારો રજૂ કર્યા છે. તે જોતાં કહી શકાય કે, "કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં અર્થ-નીતિશાસ્ત્ર છે."

→ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ઉપદેશાત્મક છે. તેમાં અર્થલક્ષી આચરણ કેવું હોવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું છે. તે જોતાં અર્થશાસ્ત્ર અંગેના પશ્ચિમના ખ્યાલો સાથે તેની તુલના કરી શકાય નહિ. તેમ છતાં તેમણે (કૌટિલ્ય) આપેલી અમુક બાબતો આજે પણ વ્યવહારલક્ષી છે.

૨) પ્રાશ્ચાત્ય વિચારધારા (Western Thought).

→ અર્થશાસ્ત્ર વિશેના પ્રાશ્ચાત્ય ખ્યાલોમાં નીચે મુજબના વિદ્વાનોના ખ્યાલો ખૂબ જ પ્રચલિત છે-

1) એડમ સ્મિથનો ખ્યાલ
૨) પ્રો. આલ્ફ્રેડ માર્શલનો ખ્યાલ.
3) પ્રો. લાયોનલ રોબિન્સનો ખ્યાલ.
4) પ્રો. સેમ્યુલસનનો ખ્યાલ.

→ અર્થશાસ્ત્રના સ્વરૂપ સ્પષ્ટ કરવા અપાયેલી વ્યાખ્યાઓને ચાર શીર્ષક હેઠળ મૂકી શકાય -

1) સંપત્તિને લગતી વ્યાખ્યા (એડમ સ્મિથની)
૨) કલ્યાણને " " (પ્રો. માર્શલની)
3) અછતને " " (પ્રો. રોબિન્સની)
4) વિકાસને " " (પ્રો. સેમ્યુલસનની)

1) અર્થશાસ્ત્ર વિશે એડમ સ્મિથનો ખ્યાલ.

→ એડમ સ્મિથને "અર્થશાસ્ત્રના પિતા" કહેવામાં આવે છે.

→ એડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે, "અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર"

Toppersnotes
Unleash the topper in you

→ ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી ઔદ્યોગિક ક્રાંતિને કારણે ધનવાન ઉદ્યોગપતિઓના નવા વર્ગનો ઉદય થયો. આ પરિવર્તનથી પ્રભાવિત થઈ એડમ સ્મિથે "રાષ્ટ્રોની સંપતિ" (1776 માં) નામનું પુસ્તક લખ્યું. તેમાં તેમણે સંપતિને નોંધપાત્ર મહત્વ આપ્યું છે.

→ એડમ સ્મિથ ઉપયોગી ચીજવસ્તુઓને સંપતિ તરીકે ઓળખાવી ભૌતિક સંપતિ પર ભાર મૂકે છે. આમ, ઉત્પાદકીય શ્રમને તેઓ ભૌતિક સંપતિ સાથે જ સાંકળી લે છે.

→ તેમના મતે માનવી સંપતિ પેદા કરે છે, તેનો ઉપયોગ કરે છે, તેની આપ-લે કરે છે. અને તેની વહેંચણી કરે છે. માનવીના સંપતિ સાથેના આ વ્યવહારને સમજાવવાના આશયથી અર્થશાસ્ત્રમાં સંપતિના ઉત્પાદન, વપરાશ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરવામાં આવે છે. તથા તેમને લગતા સિદ્ધાંતો તૈયાર કરવામાં આવે છે.

→ એડમ સ્મિથના સંપતિના ઉત્પાદન અને વહેંચણી અંગેના ખ્યાલને આવક અને રોજગારી-નિર્ધારણ તેમજ આર્થિક-વૃદ્ધિ જેવા આધુનિક ખ્યાલો સાથે ઘનિષ્ઠ સંબંધ છે.

→ એડમ સ્મિથે અર્થશાસ્ત્રની આપેલી વ્યાખ્યામાં અર્થશાસ્ત્રનો મુખ્ય ધ્યેય સંપતિ વધારવાનો છે. આ વ્યાખ્યામાં સંપતિમાં માત્ર ભૌતિક સંપતિનો સમાવેશ કરી અભૌતિક સંપતિ તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યુ તથા માનવીને આર્થિક માનવ ગણાવામાં આવ્યો છે. આ વ્યાખ્યામાં સંપતિને જરૂરિયાત કરતાં વધુ મહત્વ આપી માનવ કલ્યાણ તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું

૨) અર્થશાસ્ત્ર વિશે પ્રો. આલ્ફ્રેડ માર્શલનો ખ્યાલ :

→ ૧૯ મી સદીના મહાન બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. માર્શલે તેમના પુસ્તક "પ્રિન્સીપાલ ઓફ ઈકોનોમિક્સ" માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે.

→ તેમના મતે "અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે."

→ પ્રો. માર્શલે એડમ સ્મિથના ભૌતિક સંપત્તિના ખ્યાલને સ્વીકાર્યો, પરંતુ તેમની દૃષ્ટિએ સંપત્તિ સાધન છે અને માનવ-કલ્યાણ સાધ્ય છે.

→ તેમના મતે અર્થશાસ્ત્ર માનવીના રોજિંદા વ્યવહારનો અભ્યાસ કરે છે. માનવીનો રોજિંદો વ્યવહાર આવક પેદા કરવાનો અને તેનો વાપરવાનો છે. તદુપરાંત અર્થશાસ્ત્ર સુખાકારીના ભૌતિક સાધનોની પ્રાપ્તિ અને તેમના ઉપયોગ સાથે ગાઢ સંબંધ ધરાવતાં વ્યક્તિ અને સમાજના વ્યવહારની ઝીણવટભરી તપાસ કરે છે.

→ પ્રો. માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાંથી અમુક બાબતો તારવી શકાય ; જેમ કે —

1) અર્થશાસ્ત્ર માનવ ભૌતિક કલ્યાણનું શાસ્ત્ર છે.

2) અર્થશાસ્ત્રનું પ્રાથમિક ધ્યેય માનવીની સંપત્તિ વધારવાનું છે અને તે દ્વારા ભૌતિક કલ્યાણને એટલે કે સુખને પ્રાપ્ત કરવાનું છે.

3) અર્થશાસ્ત્ર માનવ જીવનના તમામ વ્યવહારોનો નહિ પણ માત્ર સામાન્ય વ્યવહારોનો જ અભ્યાસ કરે છે.

4) અર્થશાસ્ત્રને માનવીના સંપૂર્ણ નહિ પરંતુ આંશિક કલ્યાણ સાથે નિસ્બત છે.

5) તેને માનવીના ભૌતિક કલ્યાણ સાથે નિસ્બત છે. તેમણે અર્થશાસ્ત્રમાં અભૌતિક સંપત્તિ કે અભૌતિક સેવાને ધ્યાનમાં લીધી નથી.

→ પ્રો માર્શલે તેમની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં અર્થશાસ્ત્રના વાસ્તવિક કાર્યક્ષેત્ર અને ધ્યેયનો ખ્યાલ આપ્યો છે. તેમ છતાં પ્રો. રોબિન્સે તેમના ખ્યાલની કડક ટીકા કરી છે. પ્રો. માર્શલની વ્યાખ્યાની મુખ્ય ટીકાઓ નીચે મુજબ છે.

1) તેમની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં ડૉક્ટરો, વકીલો, શિક્ષકો, નૃત્યકારો, સંગીતકારો વગેરેની સેવાઓને અભૌતિક બાબતો ગણી તેમની ઉપેક્ષા કરવામાં આવી છે. વાસ્તવમાં ભૌતિક અને અભૌતિક બન્ને પ્રકારની સંપત્તિ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માનવ કલ્યાણમાં વધારો લાવે જ છે. ભૌતિક અને અભૌતિક વસ્તુ એવી રીતે એકબીજા સાથે સંકળાયેલી છે તેને જુદા પાડવાનું કામ મુશ્કેલ છે.

Toppersnotes
Unleash the topper in you

૨) પ્રો. રોબિન્સે માર્શલની વ્યાખ્યાની સૌથી વધુ કડક ટીકા માનવ-કલ્યાણના ખ્યાલ અંગેની કરી છે. તેમના મતે અર્થશાસ્ત્રને કલ્યાણ સાથે કોઈ નિસ્બત નથી. તે ધ્યેયોની બાબતમાં તટસ્થ છે. જો માનવકલ્યાણને મહત્ત્વ આપવામાં આવશે તો અર્થશાસ્ત્ર તેનું વિજ્ઞાન તરીકેનું અસ્તિત્વ ગુમાવી એક નીતિશાસ્ત્ર બની જશે.

3) માદક પીણાં, અફીણ, ઝેર જેવી વસ્તુઓ કેટલાક માનવીઓની જરૂરિયાત સંતોષે છે. આ બધી વસ્તુઓ માનવ કલ્યાણને નુકસાન કરે તેવી હોવા છતાં અર્થશાસ્ત્રના અભ્યાસમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. આમ, આર્થિક પ્રવૃત્તિ અને માનકલ્યાણ વચ્ચે કોઈ નિશ્ચિત સંબંધ નથી.

4) પ્રો. પીગુએ સ્પષ્ટતા કરી છે કે, ભૌતિક કલ્યાણને નાણાંનાં માપદંડ વડે માપી શકાય છે, પરંતુ ભૌતિક કલ્યાણના માપદંડ તરીકે નાણાં લેવાથી કલ્યાણ જેવી બાબતોને સંતોષકારક રીતે માપી શકાતી નથી.

5) અર્થશાસ્ત્રની કલ્યાણલક્ષી વ્યાખ્યા અનુસાર અર્થશાસ્ત્ર એક શુદ્ધ સામાજિક વિજ્ઞાન છે. આ વ્યાખ્યા મુજબ, અર્થશાસ્ત્ર માત્ર સમાજમાં રહેતા માનવીઓની જ પ્રવૃત્તિનો અભ્યાસ કરે છે, તેને સમાજ બહાર રહેલા એકલા અટૂલા માણસ કે સાધુ-સન્યાસીઓની પ્રવૃત્તિ સાથે કોઈ નિસ્બત નથી. વાસ્તવમાં અર્થશાસ્ત્રે આપેલો "અછતનો નિયમ" સમાજમાં કે સમાજથી અલગ વસેલા તમામ માણસોને લાગુ પડે છે. તેથી અર્થશાસ્ત્ર એક માનવવિજ્ઞાન (Human science) છે.

6) અર્થશાસ્ત્રની કલ્યાણલક્ષી વ્યાખ્યા વિશ્લેષણાત્મક હોવાને બદલે વર્ગીકરણાત્મક છે. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર પ્રવૃત્તિઓના સમૂહને બે વર્ગોમાં વહેંચે છે. – 1) આર્થિક પ્રવૃત્તિઓનો સમૂહ અને ૨) બિન આર્થિક પ્રવૃત્તિઓનો સમૂહ, તે તો ફક્ત આર્થિક

પ્રવૃત્તિઓના સમૂહનો અભ્યાસ કરી બિનઆર્થિક પ્રવૃત્તિઓની ઉપેક્ષા કરે છે. આ પ્રકારનું વર્ગીકરણ અવૈજ્ઞાનિક અને અતાર્કિક છે. કારણ કે પરોક્ષ રીતે આ બન્ને પ્રવૃત્તિ એકબીજાની સાથે સંકળાયેલી છે.

3) અર્થશાસ્ત્ર અંગેનો પ્રો. રોબિન્સનો ખ્યાલ :

→ 1931 માં પ્રો. રોબિન્સે પોતાના પુસ્તક "નેચર એન્ડ સિગ્નીફિકેન્સ ઓફ ઇકોનોમિક સાયન્સ" માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે.

→ પ્રો. રોબિન્સના મતે "અર્થશાસ્ત્ર એટલે અછતલક્ષી શાસ્ત્ર."

→ અર્થશાસ્ત્રના અભ્યાસમાં અછતમાંથી ઉદ્ભવતી આર્થિક સમસ્યાનો અભ્યાસ મુખ્ય બાબત છે.

→ કુદરતે માનવીની તમામ જરૂરિયાતો સંતોષવા માટે પર્યાપ્ત સાધનો પૂરા પાડ્યાં નથી. તેથી માનવીએ કઈ-કઈ જરૂરિયાતો સંતોષવા માટે ક્યાં-ક્યાં સાધનોનો ઉપયોગ કરાવે તે નક્કી કરવું પડે છે. આ બાબતોનો અભ્યાસ અછતનું અર્થશાસ્ત્ર કરે છે.

→ સાધનોની અછત અને તેને કારણે ઉદ્ભવતી પસંદગીની સમસ્યાનો ખ્યાલ સૌપ્રથમ પ્રો. રોબિન્સ દ્વારા રજૂ કરાયો છે. આ ખ્યાલ દ્વારા પ્રો. રોબિન્સે અર્થશાસ્ત્રને એક વાસ્તવિક વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે.

→ સ્મિથ અને માર્શલની વ્યાખ્યામાં માત્ર આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જ્યારે રોબિન્સે માનવીની તમામ કામગીરાનો અર્થશાસ્ત્રમાં સમાવેશ કરવાને બદલે, અર્થશાસ્ત્રમાં જુદી-જુદી અગત્યવાળી અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગોવાળાં મર્યાદિત સાધનો વચ્ચેના સંબંધ તરીકેના માનવ-વર્તણૂકનો અભ્યાસ કરે છે.

→ માર્શલના કલ્યાણને મહત્વ આપતા ખ્યાલ પ્રમાણે અર્થશાસ્ત્ર એક આદર્શલક્ષી વિજ્ઞાન છે, જ્યારે રોબિન્સના મતે અર્થશાસ્ત્ર એક વાસ્તવિક (positive) વિજ્ઞાન છે.

→ અર્થશાસ્ત્રની અછતલક્ષી વ્યાખ્યામાંથી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે.

1) અર્થશાસ્ત્ર માનવી મર્યાદિત સાધનો વડે પોતાની જરૂરિયાતો કેવી રીતે સંતોષે છે તેનો અભ્યાસ કરે છે. તેથી તે માનવ વ્યવહારનું એક શાસ્ત્ર છે.

૨) અર્થશાસ્ત્ર લોકોની જરૂરિયાતો સંતોષતી ભૌતિક (ચીજવસ્તુઓ) અને અભૌતિક (સેવાઓ) ને લગતી તમામ બાબતોનો અભ્યાસ કરે છે.

3) અર્થશાસ્ત્ર માનવીએ પસંદ કરેલી જરૂરિયાતો ખરાબ છે કે સારી, યોગ્ય છે કે અયોગ્ય તે નક્કી કરતું નથી. જરૂરિયાતોની પસંદગી માણસે પોતે જ કરવાની છે. અર્થશાસ્ત્રનું કાર્ય ફક્ત વિશ્લેષણ કરવાનું અને સમજ આપવાનું છે. તે ધ્યેયોની બાબતમાં તટસ્થ છે.

4) અર્થશાસ્ત્રનો પાયાનો પ્રશ્ન પસંદગીનો છે. સાધન તથા તેના ઉપયોગો સાથે માનવીને તેના માટે મહત્વની હોય તેવી જરૂરિયાત સંતોષવાનું પસંદ કરવાનું હોય છે. અર્થશાસ્ત્ર એમ માને છે લોકો વિવેકબુદ્ધિપૂર્વક પસંદગી કરે છે. તેથી અર્થશાસ્ત્રને "<u>પસંદગીનું શાસ્ત્ર</u>" અથવા "<u>પસંદગીનું વિજ્ઞાન</u>" પણ કહે છે.

(Economics is the science of choice).

5) અર્થશાસ્ત્ર માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. માનવી મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવાના આશયથી જ જરૂરિયાતો વચ્ચે મર્યાદિત સાધનોની ~~ફા~~ ફાળવણી કરે છે તેથી તેને "<u>સાધનોની ફાળવણીનું શાસ્ત્ર</u>" પણ કહે છે.

6) વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોનો મહત્તમ સંતોષ મળે તે મુજબ કરકસરપૂર્વક ફાળવણીનાં નિયમન અને વહીવટ કરવાના સિદ્ધાંતનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે. આથી અર્થશાસ્ત્રને "<u>કરકસરનું શાસ્ત્ર</u>" પણ કહેવામાં આવે છે.

Toppersnotes
Unleash the topper in you

→ પ્રો. રોબિન્સે અર્થશાસ્ત્રને વૈજ્ઞાનિક અભ્યાસનો દરજ્જો આપ્યો છે. તેણે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યાને વ્યાપક સ્વીકૃતિ મળી છે. તેમની આ વ્યાખ્યા ખૂબ પ્રચલિત બની છે. તેમ છતાં તેની કેટલીક ટીકાઓ પણ કરવામાં આવે છે -

1) જો અર્થશાસ્ત્રી સામાજીક કલ્યાણ અને આર્થિક વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવવાની હોય, તો તેણે જરૂરિયાતો સંતોષવા માટેની પસંદગીમાં શું સારું છે કે શું ખરાબ છે તે અંગે નિર્ણય આપવો જ પડે. અર્થશાસ્ત્ર સાધ્યોના બાબતમાં તટસ્થ રહી શકે નહિ.

2) આ વ્યાખ્યામાં આર્થિક વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતની ઉપેક્ષા કરી અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રને સંકુચિત બનાવવામાં આવ્યું છે. તેણે અર્થશાસ્ત્રને માત્ર મૂલ્યનો સિદ્ધાંત (value theory) બનાવી દીધું છે. આધુનિક સમયમાં બૃહદ અર્થશાસ્ત્ર (Macro economics) નું મહત્વ ખૂબ વધ્યું છે. તેના મુજબ અર્થશાસ્ત્રનું ધ્યેય સાધનોની અછતને ન્યૂનતમ બનાવવા ઉપયોગી થઈ પડતા આવક અને રોજગારી વૃદ્ધિના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનો છે.

3) તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની ઉપેક્ષા કરી તેને કાર્યક્ષેત્રને પેદાશ અને સાધન કિંમતના નિર્ધારણના સિદ્ધાંત પુરતું સીમિત બનાવવાનું પગલું ઉચિત નથી.

4) વણવપરાયેલા સાધનોના સંદર્ભમાં ઉદ્ભવતા મંદી જેવા આર્થિક પ્રશ્નોના અછત નહિં હોવાથી સમાવેશ થતો નથી. આ દૃષ્ટિએ રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યા અતિ સંકુચિત છે.

4) <u>અર્થશાસ્ત્ર અંગેનો પ્રો. સેમ્યુલસનનો ખ્યાલ</u> :

→ પ્રો. સેમ્યુલસનને નોબેલ પુરસ્કાર મળેલ છે.

→ પ્રો. સેમ્યુલસને આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે, "અર્થશાસ્ત્ર એક એવો અભ્યાસ છે કે જેમાં મનુષ્ય અને સમાજ, નાણાંનાં ઉપયોગ દ્વારા કે નાણાંના ઉપયોગ વગર, વૈકલ્પિક ઉપયોગો અને અછતવાળા ઉત્પાદકીય સાધનોની વિવિધ

વસ્તુના ઉત્પાદનમાં ઉપયોગ કરવા કેવી રીતે પસંદગી કરે છે. તેની વર્તમાન અને ભવિષ્ય વચ્ચે તથા વિવિધ વ્યક્તિઓ અને સમાજના વિવિધ જૂથો વચ્ચે તેનો વપરાશ અંગે વહેંચણી કેવી રીતે કરાય છે. તે સાધન ફાળવણીના ખર્ચ અને લાભનું વિશ્લેષણ કરી સાધન ફાળવણીની પદ્ધતિમાં સુધારો લાવે છે."

→ પ્રો. સેમ્યુલસને આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાંથી અમુક બાબતો તારવી શકાય છે જેમ કે–

1) અર્થશાસ્ત્રની આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન અને કલા બંને છે. વાસ્તવમાં અર્થશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની શાખા છે.

2) આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્ર કુદરતી, માનવીય અને ભૌતિક સંસાધનો જે અછતવાળા અને વૈકલ્પિક ઉપયોગ ધરાવનારા છે તથા જે માનવ જરૂરિયાત સંતોષે છે તેવા આર્થિક સંસાધનોનો અભ્યાસ કરે છે.

3) આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્રને માત્ર સાધનોની ફાળવણી સાથે નહિં પણ તેના સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ સાથે સંકળાયેલ છે.

4) અર્થશાસ્ત્ર ધ્યેયની બાબતમાં તટસ્થ નથી. તે આર્થિક કલ્યાણના ભૌતિક અને અભૌતિક બન્ને પ્રકારના સાધનોનો અભ્યાસ કરે છે.

5) અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર માત્ર વર્તમાનના વપરાશ, ઉત્પાદન, વહેંચણી વગેરેના પ્રશ્નો પૂરતું મર્યાદિત નથી. તેમાં વર્તમાન ઉપરાંત ભવિષ્યના પ્રશ્નોને પણ ધ્યાનમાં લેવાય છે.

6) અર્થશાસ્ત્રની આ વ્યાખ્યા મૂડીવાદી, સમાજવાદી, મિશ્ર અર્થતંત્રવાળા, વિકસિત અને વિકસતા તમામ અર્થતંત્રને લાગુ પડે છે.

→ ઉપરોક્ત બાબતોને અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં લેવાથી અર્થશાસ્ત્રની તમામ વ્યાખ્યાઓમાં સેમ્યુલસનની વ્યાખ્યા વધુ સ્વીકૃતિ બની છે.

* અર્થશાસ્ત્રનું સ્વરૂપ :–

→ અર્થશાસ્ત્રના સ્વરૂપનો અભ્યાસ કરવા માટે કેટલાક મહત્વના સવાલોના જવાબો જાણવા જરૂરી છે. દા.ત. —

1) શું અર્થશાસ્ત્ર એક કલા છે?
2) શું અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે?
3) શું અર્થશાસ્ત્ર કલા અને વિજ્ઞાન બંને છે?

1) અર્થશાસ્ત્ર એક કલા :

→ કેટલાક નિષ્ણાતો અર્થશાસ્ત્રને ફોટોગ્રાફી જેવી એક કલા માને છે. જેમ કે ફોટોગ્રાફ પાડવામાં મદદરૂપ થાય તેવા નિયમો અને માર્ગદર્શન પુરા પાડે છે. તેવી રીતે અર્થશાસ્ત્ર પણ ભૌતિક સુખાકારી કે આર્થિક વૃદ્ધિ કે વિકાસમાં વધારો કરવામાં મદદરૂપ થાય તેવા સિદ્ધાંતો અને માર્ગદર્શન પુરાં પાડે છે.

→ અર્થશાસ્ત્ર કલાની માફક આદર્શ, હેતુલક્ષી અને સારા નરસાનો વિચાર કરતું શાસ્ત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો એક કલા તરીકે અર્થશાસ્ત્રે શું કરવું જોઈએ તથા કલ્યાણ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે જરૂરી નિયમો અને માર્ગદર્શન પણ અર્થશાસ્ત્ર પુરાં પાડે છે. દા.ત. વપરાશના સિદ્ધાંત પરથી મળતો અવેજીનો નિયમ આપણને અમુક નિશ્ચિત ખર્ચ વડે મહત્તમ સંતોષ કેવી રીતે પ્રાપ્ત કરવો તે બતાવે છે.

→ અર્થશાસ્ત્ર સમતુલા વિશ્લેષણની મદદ દ્વારા આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કરી શકાય છે, તે બાબત પણ સમભવે છે.

→ આમ છતાં, અર્થશાસ્ત્ર કલા નથી કારણ તે કોઈપણ દેશમાં અમલમા મૂકી શકાય તેવા તૈયાર ઉકેલો પુરાં પાડતું નથી. કેટલાક વિદ્વાનો માને છે કે અર્થશાસ્ત્ર જેટલાં અંશે વ્યવહારમાં અનુભવાતી અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થાય છે તેટલા અંશે કલા છે.

2) અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન :

→ વિજ્ઞાન એટલે પદ્ધતિસરના જ્ઞાનનો સંગ્રહ. વિજ્ઞાન કોઈપણ ઘટનાનું તર્કબદ્ધ વિશ્લેષણ કરે છે તે ઘટનાના કારણો અને તેના પરિણામ વચ્ચેનો ચોક્કસ સંબંધ પુરવાર કરે છે.

Toppersnotes
Unleash the topper in you

→ વિજ્ઞાનની માફક અર્થશાસ્ત્રમાં કાર્ય-કારણનો સંબંધો દર્શાવવામાં આવે છે. તેમાં હકીકતોનું પદ્ધતિસર એકત્રીકરણ, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. તેમાં કોઈ એક ચોક્કસ વિષયનો ભણકારો પૂરો પાડવામાં આવે છે તથા નિરીક્ષણ અને પ્રયોગ દ્વારા ચકાસણી કરી આવી ભણકારીને ચોક્કસ રૂપ આપવામાં આવે છે.

→ અર્થશાસ્ત્રમાં વિજ્ઞાનની જેમ આગમનાત્મક તેમજ નિગમનાત્મક જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી સંશોધન દ્વારા કેટલાક ચોક્કસ નિયમો તારવામાં આવે છે.

→ આગમનાત્મક પદ્ધતિમાં અનુભવ અને નિરીક્ષણના આધારે કેટલાક તારણો કાઢવામાં આવે છે. આ તારણોને સ્વીકારીના ચાલવાનું હોય છે. દા.ત. "બધાં માનવીનો નાશવંત છે.", આ એક અનુભવાત્મક તારણ છે. નિગમનાત્મક પદ્ધતિમાં આ તારણને સ્વીકારીને કોઈ બીજુ તારણ કાઢવામાં આવે છે. દા.ત. "બધા માનવીનો નાશવંત છે." જેઠાલાલ માનવી છે તેથી જેઠાલાલ નાશવંત છે."

અર્થશાસ્ત્રમાં આ બંને પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

→ ઔદ્યોગિક તેમજ વ્યાવસાયિક હેતુઓને નાણાના માપદંડ વડે માપી પરિણામાત્મક રૂપમાં રજૂ કરી શકાય છે. દા.ત. માંગના નિયમ મુજબ અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમતનો ઘટાડો, તેની માંગનુ વિસ્તરણ અને વસ્તુની કિંમતનો વધારો, તેની માંગનુ સંકોચન કરે છે. આ ઘટનામાં કિંમતનો ફેરફાર કારણ છે અને માંગનું વિસ્તરણ-સંકોચન તેનું પરિણામ છે.

→ આમ અર્થશાસ્ત્ર એક સંપૂર્ણ વિજ્ઞાન છે. તે શુદ્ધ વિજ્ઞાન હોવા સાથે વિનિયોજિત વિજ્ઞાન પણ છે. અર્થશાસ્ત્રમાં માનવી અને સંપત્તિને લગતા માનવવ્યવહારનો અભ્યાસ કરવામાં આવે છે. તેથી તેને "સામાજિક વિજ્ઞાન" પણ કહે છે.

Toppersnotes
Unleash the topper in you

→ અર્થશાસ્ત્રને વિજ્ઞાન તરીકે માનવામાં અર્થશાસ્ત્રીઓમાં મતમતાંતર છે. તેઓ અર્થશાસ્ત્રને વિજ્ઞાન તરીકે ન માનવાના નીચે મુજબના કારણો આપે છે –

1) રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર જેવાં ચોક્કસ વિજ્ઞાનોની જેમ અર્થશાસ્ત્ર ભાવિ પ્રક્રિયાઓની સંપૂર્ણ આધારભૂત આગાહી કરી શકતું નથી.

૨) અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન તરીકે માત્ર માહિતીની પ્રાપ્તિને આધારે તારણો રજૂ કરે છે. આ ઘટના યોગ્ય છે કે અયોગ્ય તેની ચર્ચા કરતું નથી.

3) અર્થશાસ્ત્ર વિજ્ઞાન અને કલા છે.

→ અર્થશાસ્ત્ર આર્થિક ઘટનાના સૈદ્ધાંતિક વિશ્લેષણના વ્યવહારિક અમલ સાથે નિસ્બત ધરાવે છે તે અર્થતંત્રને આર્થિક સમસ્યાથી મુક્ત કરી પુનઃસ્વસ્થ અને ચેતનવંતુ બનાવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

→ જેમ એક ડોક્ટરને દર્દીના રોગના નિદાન અને તેના ઉપચાર સાથે નિસ્બત છે તેમ અર્થશાસ્ત્રીને પણ આર્થિક સમસ્યાના વિશ્લેષણ અને તેના ઉકેલ સાથે નિસ્બત છે.

→ આમ, અર્થશાસ્ત્ર જ્ઞાન આપે છે તેથી વિજ્ઞાન છે. અને તે આર્થિક સમસ્યાઓનો ઉકેલ સૂચવી કળપ્રાપ્તિ કરાવે છે તેથી કલા પણ છે.

→ અર્થશાસ્ત્રનો વિજ્ઞાન તેમજ કલા તરીકે અભ્યાસ કરવાના કેટલાંક કારણો નીચે મુજબ છે. –

1) અર્થશાસ્ત્ર પરિવાર અને નાગરિકને સ્પર્શતી સમસ્યાઓ અથવા કે માનવ વ્યવહારને સ્પર્શતી સમસ્યાઓને સમજવા તેનો ઉકેલ સૂચવે છે.

૨) અર્થશાસ્ત્ર આર્થિક વૃદ્ધિ વધારવા માટે સરકારને મદદરૂપ થાય છે.

3) અર્થશાસ્ત્ર સામાજીક વર્તણૂકની આકર્ષક તરાહનું વિશ્લેષણ કરે છે.

## * અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર :-

→ અર્થશાસ્ત્રમાં બે મુખ્ય કાર્યક્ષેત્ર છે -
1) સૂક્ષ્મ અર્થશાસ્ત્ર (Micro Economics)
2) બૃહદ્ અર્થશાસ્ત્ર (Macro " ).

→ સૌપ્રથમ રગ્નાર ફ્રિશ્ક નામના વિજ્ઞાને આ બે શબ્દોનો ઉપયોગ કર્યો હતો. તે પછી આ બે ખ્યાલોનો ઉપયોગ પ્રચલિત થઈ ગયો છે.

1) સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics)

→ આને "એકમલક્ષી અર્થશાસ્ત્ર" પણ કહેવાય છે.
→ Mikros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ સૂક્ષ્મ થાય છે.
→ કોઈ એક એકમના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરતાં આર્થિક વિશ્લેષણને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહે છે.
દા.ત. કોઈ પણ પેઢીનો અભ્યાસ, કોઈ એક ઉદ્યોગનો અભ્યાસ, ગ્રાહકોના કોઈ એક સમૂહનો અભ્યાસ.

→ બીજા શબ્દોમાં કહીએ તો એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત આર્થિક ઘટકોનું વિશ્લેષણ કરવામાં આવે છે. ટૂંકમાં, એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અનેક આર્થિક ઘટનામાંથી કોઈ એક ઘટનાના પાસાનો વિચાર કરવામાં આવે છે.

→ ગ્રાહકના વર્તનનો માર્શલનો સીમાંત તુષ્ટિગુણ કે હિક્સના તટસ્થ રેખા વિશ્લેષણ દ્વારા કરાતો અભ્યાસ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે.
→ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે -
1) આર્થિક કલ્યાણની શરતો તપાસવામાં
2) મુક્ત અર્થતંત્રની કામગીરી સમજવામાં
3) અછતવાળા સાધનોથી મહત્તમ ઉત્પાદકતા મેળવવામાં માર્ગદર્શક તરીકે.

Toppersnotes
Unleash the topper in you

## 2) બૃહદલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics)

→ આને "સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર" પણ કહેવાય છે.
→ Makros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ વિશાળ અને સમગ્ર અથવા બૃહદ્ થાય છે.

→ કોઈ એક એકમને બદલે તમામ એકમોના સમૂહના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરતા આર્થિક વિશ્લેષણનો "સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર" કહે છે.

→ બીજા શબ્દોમાં કહીએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈ આર્થિક ઘટકનો નહિં પણ સમગ્ર આર્થિક ઘટકોનો એક સાથે અભ્યાસ કરવામાં આવે છે.

→ કેઈન્સનો રોજગારી અને આવકનો સિદ્ધાંત એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે –
1) દેશની વ્યાપાર ચક્રીય અને નાણાકીય સમસ્યાઓ સમજવામાં
2) દેશની રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં
3) આર્થિક નીતિના ઘડતરમાં
4) સમગ્ર અર્થતંત્રની કામગીરી સમજવામાં

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈપણ કુલ પરિણામનાં પેટા-પરિમાણનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર દેશની આવક, રોજગારી, ઉત્પાદન કેવી રીતે નક્કી થાય છે. અને અર્થતંત્રમાં સમતુલા ક્યારે આવે છે વગેરેનો અભ્યાસ કરાય છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પાયો દેશમાં કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા રાષ્ટ્રીય આવક, ઉત્પાદન, રોજગારી અને